SSP/FEB 99/05/800

# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

## સત્સંગ શિક્ષણ પરીક્ષા

## સત્સંગ પરિચય

## પ્રશ્નપત્ર - ૨

બપોરે ૨ થી ૪:૧૫] (રવિવાર, ૨૧ ફેબ્રુઆરી, ૧૯૯૯) કુલ ગુણ : ૭૫

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**

### વિભાગ - ૧ (કિશોર સત્સંગ પરિચય)

**પ્ર.૧. નીચેનામાંથી કોઈપણ બે વિધાનો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** ૬

૧. ‘‘સ્વામી તો એક વલ્લભ સ્વામી.’’
૨. ‘‘આપણે ક્યાં માન મેળવવા માટે સત્સંગી થયા છીએ.’’
૩. ‘‘ગલુજીનું ક્યું કામ અધૂરું હતું ?’’
૪. ‘‘અમારા બંનેનો વિવાદ ચાલે છે તેમાં કોની વાત સાચી છે ?’’

**પ્ર.૨. નીચેનામાંથી કોઈપણ એક વિષે મુદ્દાસર વિવરણ લખો. (બારેક લીટીમાં)** ૪

૧. મોટાં રામબાઈ
૨. મૂર્તિપૂજા
૩. ગોરધનભાઈ

**પ્ર.૩. નીચેનામાંથી કોઈપણ બે નાં કારણ આપીને સમજાવો (સાત-આઠ લીટીમાં)** ૪

૧. અરદેશર કોટવાલે મહારાજનું સ્વાગત કરવાની ઈચ્છા પ્રગટ કરી.
૨. રાજબાઈના દેહમાં ચેતન આવ્યું.
૩. ભગવાનના ભક્તે કુસંગ ન કરવો જોઈએ.
૪. પર્વતભાઈએ સ્વરૂપાનંદ સ્વામીને દાદાખાચરના નળિયાનું ધ્યાન કરવા કહ્યું.

**પ્ર.૪. નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો.** ૭

૧. કોના મુખ થકી ભગવાનની કથાવાર્તા પણ ન સાંભળવી ?
૨. શ્રીજીમહારાજના વચનાનુસાર સાચો મિત્ર એટલે શું ?
૩. લક્ષ્મીચંદ શેઠે શ્રીજીમહારાજ માટે શી ભેટ મોકલાવી ?





૪. પાર્ષદ નાજાજોગિયાને રઘુવીરજી મહારાજે ભાગવતી દીક્ષા આપીને શું નામ પાડ્યું ?
૫. કઈ છ વસ્તુની નિંદા ન કરવી ?
૬. કોણે મામાના સાધુનો શિર સાટે પક્ષ રાખ્યો ?
૭. ડભાણમાં શ્રીજીમહારાજ યજ્ઞો કોના નામથી કરાવતા ?

**પ્ર.૫. નીચે આપેલ ‘સ્વામીની વાત’ પૂરી કરો અને તેનું નિરૂપણ લખો. અથવા વચનામૃતનું નિરૂપણ લખો.** ૫

આપણે તપાસ કરવો જે.............

**અથવા**

વચનામૃત ગઢડા પ્રથમ નું ૧૬ મું

**પ્ર.૬. નીચેનામાંથી કોઈપણ ચાર કીર્તન/શ્લોક/અષ્ટકની ખૂટતી કડીઓ લખો.** ૮

૧. પાજ ધર્મની ............................ રંગ છેલ.
૨. આહારનિદ્રા ............................... સમાનાઃ ।
૩. જે સ્વામિનારાયણ ................................... અક્ષરધામ આપે.
૪. જુગલચરણમાં કહું ................................. નવ વહાલા.
૫. ભગવન્ કૃપાયા ....................................... તોઞ્જલિમ્ ।

### વિભાગ - ૨ (પ્રાગજી ભક્ત)

**પ્ર.૭. નીચેનામાંથી કોઈપણ બે વિધાનો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** ૬

૧. ‘‘જીવપ્રાણીમાત્ર ચામડા ચૂંથે છે.’’
૨. ‘‘હું તો આ હરિભક્તોને બ્રહ્મની મૂર્તિ દેખું છું.’’
૩. ‘‘તારે ભડકો જોવો છે ?’’
૪. ‘‘તમો તો ખુદાના ફકીર છો ને આ તો સાક્ષાત્ ખુદા છે.’’

**પ્ર.૮. નીચેનામાંથી કોઈપણ એક વિષે કારણ આપીને સમજાવો. (બારેક લીટીમાં)** ૪

૧. પવિત્રાનંદ સ્વામીને અશાંતિ થઈ.
૨. ભગતજી સૌ સંતોને ચંદનસહિત ભેટ્યા.
૩. ‘ગુણાતીત ઊઠો’ કહેવાથી ભગતજી જાગી ગયા.

**પ્ર.૯. નીચેનામાંથી કોઈપણ એક વિષે મુદ્દાસર નોંધ લખો. (પંદરેક લીટીમાં) ૫**

૧. વાંસદાના દીવાનને સત્સંગ

૨. ગુરુવચને ચૂરે ચૂરા

૩. ભગતજીએ કરાવેલી અક્ષરબ્રહ્મની ઓળખાણ

**પ્ર.૧૦. નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો. ૭**

૧. ભગતજી મહારાજે કયા મંદિરમાં ધૂળનાં ગાડાં ખાલી કરેલાં ?

૨. જૂનાગઢમાં ગુણાતીતાનંદ સ્વામી ચંદની જોઈને શા માટે રોઈ પડ્યા ?

૩. સ્વામીની આજ્ઞાથી ભગતજીએ કેવું આકરું તપ શરૂ કર્યું ?

૪. ત્રણ પ્રકારના આનંદ કયા કયા ?

૫. પ્રાગજી ભક્તનો જન્મ ક્યાં અને ક્યારે થયો હતો ?

૬. પ્રાગજી ભક્તે બેચર ભગતને શું કહ્યું ?

૭. ‘બે ટાંકા તોડું છું ને બે ટાંકા સાંધુ છું.’ તેનો અર્થ ભગતજી શું સમજાવતા ?

**પ્ર.૧૧. નીચેનામાંથી કોઈપણ એક વિષય પર ટૂંકનોંધ લખો. (બારેક લીટીમાં) ૪**

૧. ઐશ્વર્ય દર્શન

૨. સાધુનો કસબ

૩. ભગતજી મહારાજનું આકર્ષણ

**વિભાગ - ૩ (‘સત્સંગ પ્રવેશ’ પરીક્ષાનાં પુસ્તકોને આધારે)**

**પ્ર.૧૨. નીચેના વિષયો પર ટૂંકનોંધ લખો. ૧૫**

૧. શાસ્ત્રીજી મહારાજે જાગા સ્વામીની તોડાવેલી બંધી.

**અથવા**

અજાતશત્રુ શાસ્ત્રીજી મહારાજ

૨. નીલકંઠની કલ્યાણભાવના

**અથવા**

નીલકંઠવર્ણીની નિર્ભયતા

૩. બ્રહ્માનંદ સ્વામીની નિષ્ઠા

**અથવા**

બોચાસણના કાશીદાસ